## આકસ્મિક પાક આયોજન

દક્ષિણ ગુજરાતમાં ચાલુ વર્ષનાં ચોમાસાની શરૂઆત સંતોષકારક ન હોય આગામી૧૫મી જુલાઈ સુધીમાં વરસાદ ન થાય તો તેવી પરિસ્થિતીમાં દક્ષિણ ગુજરાતના જુદા જુદા જીલ્લાઓના ખેડૂતો માટે નવસારી સ્થિત નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા નીચે મુજબની ભલામણો અમલ કરવા અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

| ક્રમ | જીલ્લો | પાક | જુદા જુદા પાકોમાં ભલામણો |
|---|---|---|---|
| ૧ | નવસારી | (૧)ડાંગર | જે ખેડુતોએડાંગરનું ધરૂ નાખેલ છે ત્યાં વરસાદ ખેંચાતા ધરૂની ઉંમર વધી જવાના કિસ્સામાં રોપણી અંતર ઘટાડવું તથા થાણા દીઠ ૫–૬ ધરૂ રોપવા જે ખેડુતોએ ધરૂ નાખેલ ન હોય ત્યાં ફણગાવેલ બીજ થી / શ્રી પધ્ધતિ અથવા ચપકા પધ્ધતિનો ઉપયોગ કરવો. ઓરણ ડાંગર માટે જી આર –૮ / દોડી / હરિયુ / જીરા ભાત/ જીરૂયુ / સાત પાનીયુ જેવી વહેલી પાકતી જાતો વાવેતરમાં લેવી. |
| | | (૨) શેરડી | સુકી પાતરી ઉતારી આવરણ (મલ્ચીંગ) કરવુ તથા એકાંતરે ચાસમાં પિયત આપવું |
| ૨ | વલસાડ | (૧) ડાંગર | જે ખેડુતોએડાંગરનું ધરૂ નાખેલ છે ત્યાં વરસાદ ખેંચાતા ધરૂની ઉંમર વધી જવાના કિસ્સામાં રોપણી અંતર ઘટાડવું તથા થાણા દીઠ ૫–૬ ધરૂ રોપવા જે ખેડુતોએ ધરૂ નાંખેલ ન હોય ત્યાં ફણગાવેલ બીજ થી / શ્રી પધ્ધતિ અથવા ચપકા પધ્ધતિનો ઉપયોગ કરવો. ઓરણ ડાંગર માટે જી આર –૮ / દોડી / હરિયુ / જીરા ભાત/ જીરૂયુ / સાત પાનીયુ જેવી વહેલી પાકતી જાતો વાવેતરમાં લેવી. |
| | | (૨) શેરડી | સુકી પાતરી ઉતારી આવરણ (મલ્ચીંગ) કરવુ તથા એકાંતરે ચાસમાં પિયત આપવું |
| | | કપરાડા અને ધરમપુર તાલુકાઓમાં કે જયાં કયારીમાં પાણી ટકતું નથી ત્યાં જુવારની જી.જે. ૩૮ જાતનું વાવેતર કરવું. ઢાળવાળી જમીનમાં સોયાબીનનું (ગુ.સો.–૨) વાવેતર કરવું તથા અવી જમીનોમાં અડદ (ગુ. અડદ–૧, ટીપીયુ–૪), મગ (ગુ. મગ–૪) જેવા પાકો પણ લઈ શકાય. | |
| ૩ | ડાંગ | ડાંગર અને નાગલી ના બદલે જુવાર (જી.જે.૩૮) તુવેર (જીટી –૧૦૧, જીટી ૧૦૨, સી–૧૧) ખરસાણી (ગુ. ખ.–૧, એનઆરએસ. ૯૬–૧) સોયાબીન (ગુ.સો.–૨) અડદ (ગુ. અડદ–૧, ટીપીયુ–૪), ચોળા (ગુ.ચો.–૩, ગુ.ચો.–૪) લઈ શકાય. | |
| ૪ | સુરત | (૧) ડાંગર | જે ખેડુતોએ ડાંગરનું ધરૂ નાખેલ છે ત્યાં વરસાદ ખેંચાતા ધરૂની ઉંમર વધી જવાના કિસ્સામાં રોપણી અંતર ઘટાડવું તથા થાણા દીઠ ૫–૬ ધરૂ રોપવા જે ખેડુતોએ ધરૂ નાખેલ ન હોય ત્યાં ફણગાવેલ બીજ થી / શ્રી પધ્ધતિ અથવા ચપકા પધ્ધતિનો ઉપયોગ કરવો. ઓરણ ડાંગર માટે જી આર –૮ / દોડી / હરિયુ / જીરા ભાત/ જીરૂયુ / સાત પાનીયુ જેવી વહેલી પાકતી જાતો વાવેતરમાં લેવી. |
| | | (૨) શેરડી | સુકી પાતરી ઉતારી આવરણ (મલ્ચીંગ) કરવુ તથા એકાંતરે ચાસમાં પિયત આપવું |
| | | કપાસમાં પિયતની સગવડ હોય ત્યાં પિયત આપવું<br>ઉમરપાડા, માંડવી અને માંગરોળ જેવા તાલુકાઓમાં જુવાર (જી.જે.૩૮) તુવેર (જીટી –૧૦૧, જીટી ૧૦૨, સી–૧૧) સોયાબીન (ગુ.સો.–૨) નું વાવેતર કરવાની ભલામણ છે. | |
| ૫ | ભરૂચ | (૧) શેરડી | સુકી પાતરી ઉતારી આવરણ (મલ્ચીંગ) કરવુ તથા એકાંતરે ચાસમાં પિયત આપવું |
| | | (૨) કપાસ | ૧૫ જુલાઈ સુધીમાં વરસાદ ન પડેતો જુવાર (જી.જે.૩૮) સોયાબીન (ગુ.સો.–૨) અડદ (ગુ. અડદ–૧, ટીપીયુ–૪) નું વાવેતર કરવાની ભલામણ છે. |
| | | કપાસનું વાવેતર કરવામાં આવેલ હોય ત્યાં પાકમાં મલ્ચીંગની ભલામણ છે. | |
| ૬ | નર્મદા | (૧) શેરડી | સુકી પાતરી ઉતારી આવરણ (મલ્ચીંગ) કરવુ તથા એકાંતરે ચાસમાં પિયત આપવું |
| | | (૨) કેળ | કેળના પાકમાં આવરણ (મલ્ચીંગ) ની ભલામણ છે. |
| | | સાગબારા અને ડેડીયાપાડા તાલુકાઓમાં તુવેર (જીટી –૧૦૧, જીટી ૧૦૨, સી–૧૧) સોયાબીન (ગુ.સો.–૨) પાપડી (નવસારી સીલેકશન–૧ ) અડદ (ગુ. અડદ–૧, ટીપીયુ–૪)જેવા પાકો કપાસને બદલે લઈ શકાય. | |
| ૭ | તાપી | (૧) શેરડી | સુકી પાતરી ઉતારી આવરણ (મલ્ચીંગ) કરવુ તથા એકાંતરે ચાસમાં પિયત આપવું |
| | | (૨) ડાંગર | જે ખેડુતોએડાંગરનું ધરૂ નાખેલ છે ત્યાં વરસાદ ખેંચાતા ધરૂની ઉંમર વધી જવાના કિસ્સામાં રોપણી અંતર ઘટાડવું તથા થાણા દીઠ ૫–૬ ધરૂ રોપવા જે ખેડુતોએ ધરૂ નાખેલ ન હોય ત્યાં ફણગાવેલ બીજ થી / શ્રી પધ્ધતિ અથવા ચપકા પધ્ધતિનો ઉપયોગ કરવો. ઓરણ ડાંગર માટે જી આર –૫, ૮ અને ૯નું વાવેતર કરી શકાય. |
| | | ડાંગરની અવેજીમાં તુવેર (જીટી –૧૦૧, જીટી ૧૦૨, સી–૧૧), જુવાર (જી.જે.૩૮) સોયાબીન (ગુ.સો.–૨) અને અડદ (ગુ. અડદ–૧, ટીપીયુ–૪)જેવા પાકો લઈ શકાય. | |

Dhank.

પ્રાધ્યાપક અને વડા
પાક વિજ્ઞાન વિભાગ
ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી